# રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯ જુલાઈએ

નવી દિલ્હી,તા.૧૨

ચૂંટણી પંચે આજે રાષ્ટ્રપતિની ચૂંટણીમાટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં નવા સીઈસી વીએસ સંપતે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯મી જુલાઈના દિવસે યોજાશે જ્યારે મત ગણતરી ૨૨મી જુલાઈના દિવસો યોજાશે. જાહેરનામુ ૧૬મી જુનના દિવસે જારી કરવામા આવશે. સંપતે કહ્યુ હતુ કે ઉમેદવારી પત્ર ભરવામાટેની છેલ્લી તારીખ ૩૦મી જૂન રાખવામા આવી છે. જ્યારે ચકાસણીની પ્રક્રિયા બીજી જુલાઈના દિવસે હાથ ધરાશે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની તારીખ જાહેર થવાની સાથે જ ચૂંટણીને લઈને ગતિવિધી વધુ તીવ્ર બની ગઈ છે. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને આંકડા પૂરતા નહી હોવાને કારણે યૂપીએ અને એનડીએ દ્વારા સર્વસંમતિ સાધવાના પ્રયાસો



દેશના સૌથી મહત્વના રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી ટૂંક સમયમાં યોજવાની છે ત્યારે નવા નિમાયેલા ચૂંટણી કમિશનર શ્રી વી.એસ.સંપતે દિલ્હીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તે અંગે પત્રકારોને માહિતી આપી હતી.

કરવામા આવી રહ્યા છે. યૂપીએ નાણામંત્રી પ્રણવ મુખર્જીને મુખ્ય ઉમેદવાર તરીકે જાહેર કરે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમા ચાલી રહી છે. બીજી બાજુ દાવેદારોમાં પીએ સાંગમા પણ છે. સાંગમાને ટેકો આપવાની જાહેરતા કેટલાક રાજકીય પક્ષો દ્વારા કરવામા આવી ચુકી છે. દેશમાં સર્વોચ્ચ હોદ્દા માટે ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલની અવધિ ૨૪મી જુલાઈની દિવસે પૂરી થઈ રહી છે. છેલ્લી રાષ્ટ્રપતિની ચૂંટણી પંચે પહેલાથી જ

**રાષ્ટ્રપતિ ચૂંટણી કાર્યક્રમ**

| | |
|---|---|
| જાહેરનામું જારી થશે | ૧૬મી જુન |
| ચૂંટણી યોજાશે | ૧૯મી જુલાઈ |
| ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખ | ૩૦ જૂન |
| ચકાસણીની પ્રક્રિયા | બીજી જુલાઈ |
| નામ પરત ખેંચવાની તારીખ | ચોથી જુલાઈ |
| મતગણતરી યોજાશે | ૨૨મી જુલાઈ |

ચૂંટણીનુ જાહેરનામુ ૧૩મી જૂનના દિવસે જારી કરવામા આવ્યુ હતુ. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રાથમિક પ્રક્રિયા હાથ ધરી છે. પ્રણવ મુખર્જી સૌથી પ્રબળ દાવેદાર તરીકે હજુ સુધી ઉભરી રહ્યા છે. જો કે એનડીએ દ્વારા પોતાના ઉમેદવારના નામની જાહેરાત હજુ સુધી કરી નથી. યૂપીએ દ્વારા આ મામલે મોન પાડવામા આવ્યુ છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએ સાથે આગળ વધવાની જાહેરાત મોટાભાગે ઘટકપક્ષો દ્વારા કરવામા આવી છે. સૌથી પહેલા શિરોમણી અકાળીદળ દ્વારા આની જાહેરાત કરાઈ છે.

# અર્થતંત્રમાં હાલ તીવ્ર મંદી

નવી દિલ્હી,તા.૧૨

અર્થતંત્રમાં હાલમાં તીવ્ર મંદી પ્રવર્તી રહી છે તેના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. આજે સવારે જારી કરવામાં આવેલા ઔદ્યોગિક ઉત્પાદનના આંકડામાં પણ આ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે. ઔદ્યોગિક વિકાસદરમાં અપેક્ષા કરતા પણ મોટો ઘટાડો થયો છે. એપ્રિલ મહિનામાં ઔદ્યોગિક ગ્રોથ રેટ ઘટીને ૦.૧ ટકા થઈ ગયો છે જે અપેક્ષા કરતા પણ ખૂબ ઓછો છે. સત્તાવાર આંકડામાં જણાવવામાં આવ્યું છે કે એક વર્ષ અગાઉ ૫.૩ ટકાની સરખામણીમાં એપ્રિલમાં ઔદ્યોગિક ઉત્પાદન ગ્રોથ રેટ ઘટીને ૦.૧ ટકા થયો છે. કેપીટલ ગુડ્સ અને માઈનીંગ ક્ષેત્રમાં કંગાળ દેખાવથી આ સ્થિતિ સર્જાઈ છે. કેપીટલ ગુડ્સ ઉત્પાદન ગયા વર્ષે એપ્રિલ મહિનામાં ૬.૬ ટકાના ગ્રોથની સામે ૧૬.૩ ટકા સુધી ઘટ્યો છે. જ્યારે માઈનીંગ ઉત્પાદન એક વર્ષ અગાઉ આ જ મહિનામાં ૧.૬ ટકાના ગ્રોથની સામે એપ્રિલમાં ૩.૧ ટકા સુધી ઘટ્યું છે. વીજળી ઉત્પાદન એક વર્ષ અગાઉ આ જ મહિનામાં ૬.૫ ટકાની સરખામણીમાં એપ્રિલ મહિના દરમિયાન ૪.૬ ટકા રહ્યો છે. મેન્યુફેક્ચરીંગ સેકટરમાં ૨૨ ઔદ્યોગિક ગ્રુપ પૈકી ૧૨માં સ્થિતિ સાનુકૂળ રહી છે. અગ્રણી સમાચાર સંસ્થાએ આંકડા જારી કરવામાં આવ્યા તે પહેલા પોતાની અપેક્ષામાં કહ્યું હતું કે એપ્રિલ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન દર ૧.૭ ટકા રહેશે. આંકડામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે અપેક્ષા કરતા ખૂબ જ નિરાશાજનક ચિત્ર



ઊભરીને આવ્યું છે. અર્થતંત્રમાં મંદીને કાબૂમાં લેવા આરબીઆઈ આગામી સપ્તાહમાં રેટમાં કાપ મૂકી શકે છે. કેટલીક બેંકોના નિષ્ણાંતોએ પણ પોતાની પ્રતિક્રિયા આપી દીધી છે. ઊંચા ફુગાવા, વ્યાજદર, સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાં અપૂરતા હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. ઉપરાંત યુરો ક્ષેત્રમાં દેવાની કટોકટીને લઈને પણ તકલીફ ચાલી રહી છે. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં હાલ નાણાંકીય પડકાર ઊભા થઈ ગયા છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૨ના પ્રથમ ત્રણ મહિનામાં વાર્ષિક જીડીપી વૃદ્ધિ દર નવ વર્ષની નીચી સપાટીએ હાલમાં જ પહોંચ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી સપ્તાહમાં તેના રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી ૭.૭૫ ટકા કરી શકે છે. જો કે આ પ્રકારની અપેક્ષાઓ છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. નાણાંમંત્રી પ્રણવ મુખરજીએ ગઈકાલે દાવો કર્યો હતો કે ભારતીય અર્થતંત્ર ફરીવાર મજબૂતી સાથે આગળ વધશે. એસએન્ડપીની ચેતવણી બાદ પ્રણવે આ મુજબની વાત કરી હતી.

## એસબીઆઈની વર્ષ ૨૦૧૩માં ૯૫૦૦ કર્મચારીઓની ભરતી કરવાની યોજના

નવી દિલ્હી,તા.૧૨

દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈએ કહ્યુ છે કે તે આ નાણાકીય વર્ષમાં ૯૫૦૦ કર્મચારીઓની ભરતી કરવાની યોજના ધરાવે છે. આગામી વર્ષોમાં રિટેલ બેન્કિંગ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામા આવશે. ૩૧મી માર્ચ ૨૦૧૨ના આંકડા મુજબ એસબીઆઈ પાસે કુલ કાયમી સ્ટાફનુ સંખ્યાબળ ૨૧૫૪૮૧ છે. એસબીઆઈના વડા પ્રતીપ ચૌધરીએ જણાવ્યુ હતુ કે વર્તમાન આર્થિક પર્યાવરણ વધુ પગલા લેવાપ્રેરિત કરે છે. બેંક નવી તકો અને પડકારોને લઈને બિલકુલ સાવધાન છે. આગામી વર્ષોમા એસબીઆઈ હવે રિટેલ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સ્પર્ધાને પહોંચી વળવા માટે સ્થિતિમાં હોવાનો દાવો તેમણે કર્યો હતો. એસબીઆઈના વાર્ષિક અહેવાલ ૨૦૧૧-૨૦૧૨ જારી કરતા તેમણે



શેરધારકોને આ મુજબનો સંકેત આપ્યો છે. એસબીઆઈએ તેના અહેવાલમા એમ પણ જણાવ્યુ છે કે તેના એકંદરે સંખ્યાબળમાં ૭૪૫૨ કર્મચારીઓનો ઘટડો છેલ્લા નાણાકીય વર્ષમા થય છે પરંતુ બેંકની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ૯૫૦૦ ક્લેરિકલ સ્ટાફની ભરતી કરવામા આવશે. ૩૧મી માર્ચ ૨૦૧૨ના આંકડા મુજબ બેંક પાસે કુલ કાયમી સ્ટાફનુ સંખ્યાબળ ૨૧૫૪૮૧ હતુ. જેમાં ૮૦૪૦૪ ઓફિસરો, ૯૫૭૧૫ ક્લેરિકલ સ્ટાફ અને બાકીના ૩૯૩૬૨ પેટા સ્ટાફનો સમાવેશ થાય છે. એસબીઆઈએ કહ્યુ હતુ કે રિટેલ કાર લોન ફાઈનાન્સ અને હોમ લોન બિઝનેશમાં એસબીઆઈ ટોચ ઉપર છે. તેના રિટેલ એડવાન્સમાં ૧૦.૯ ટકાનો વધારો થયો છે.

## પૂર્વ રમતગમત મંત્રી સામે સીબીઆઈ તપાસ માટે ભલામણ

લખનૌ,તા.૧૨

ઉત્તર પ્રદેશ લોકાયુક્ત જસ્ટીસ (નિવૃત્ત) એનકે મેહરોત્રાએ અયોધ્યાપ્રસાદ પાલ સામે અપ્રમાણ સંપતિ કેસમાં સીબીઆઈ તપાસની ભલામણ કરી છે. બસપ સરકારના અયોધ્યાપ્રસાદ રમતગમત પ્રધાન હતા. લોકાયુક્તે દિપેન્દ્રપ્રતાપ દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રધાન સામેની ફરિયાદમાં તેની તપાસ પુરી કરી લીધી છે. પ્રધાને ૨૪ કરોડ રૂપિયાની અપ્રમાણ સંપતિ એકત્રિત કરી લીધી હતી. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં પ્રધાન પદના પાંચ વર્ષના ગાળામાં અયોધ્યાપ્રસાદે ૨૪ કરોડની રકમ ભેગી કરી હતી. અયોધ્યાપ્રસાદની તકલીફ હવે વધી રહી છે. અયોધ્યાપ્રસાદે તેમના પત્ની, પુત્ર, ભાઈ અને મિત્રોના નામ ઉપર જંગી સંપતિ મેળવી લીધી હતી. નાના બાળકો પણ કરોડોની સંપતિના માલિકો દર્શાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીને સુપ્રત કરવામાં આવેલા ૧૬૬૦ પાનાના અહેવાલમાં ચોંકાવનારી વાત કરવામાં આવી છે. લોકાયુક્તે પ્રધાન સામે સીબીઆઈ તપાસની ભલામણ કરી દીધી છે.

## ટૂંક સમયમાં જ ગુજરાત, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં વરસાદ શરૂ થશે



નવી દિલ્હી,તા.૧૨

મોનસુનની સ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ મજબૂત બની રહી છે. આગામી સપ્તાહમાં મોનસુન વધુ આગળ વધે તેવા સંકેત મળી રહ્યા છે. આનો મતલબ એ થયો કે આગામી દિવસોમાં ગુજરાત, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં મોનસુની વરસાદ શરૂ થઈ જશે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે હાલની પરિસ્થિતિને જોતા પશ્ચિમી ઘાટ અને પેનીસુલાર પ્રદેશમાં આવતીકાલથી વરસાદની શરૂઆત થઈ શકે છે. હવામાન નિષ્ણાંતોનુ કહેવુ છે કે મધ્ય પેસિફિક પ્રદેશમાં વાવાઝોડુ અને દક્ષિણ ભારતીય મહાસાગરમાં સાઈકલોની સ્થિતિના લીધે મોનસુની વરસાદમાં હાલમાં વિલંબ થઈ રહ્યો છે. પરંતુ આને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. પૂર્વીય ભારતીય પરિસ્થિતિનુ નિર્માણ હજુ થયુ નથી આના કારણે ઉત્તર ભારતમાં વરસાદ થાય છે. ઉત્તર ભારત, બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં વરસાદ પડવાની સંભાવના વધી જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશનુ અર્થતંત્ર મોટા ભાગે કૃષિ ઉપર આધારિત છે. મોનસુની વરસાદ ઉપર ખેડૂતો મોટા ભાગે આધારિત હોય છે. આધુનિક સમયમાં પણ મોનસુનની ખેડૂતો ઉત્સુકતા રાહ જુએ છે ત્યાર બાદ વાવણીની શરૂઆત થાય છે. લાખોની સંખ્યામાં લોકો કૃષિમાં રોજગારી ધરાવે છે.

## કાળા નાણાં : બાબા રામદેવને મુલાયમસિંહે પણ ટેકો આપ્યો

નવી દિલ્હી,તા.૧૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં યોગ ગુરુ બાબા રામદેવને કાળા નાણાં સામે તેમની ચળવળમાં સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવનો ટેકો મળી ગયો છે. ઉત્તર પ્રદેશના રાષ્ટ્રીય રાજકારણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર અને સપાના વડા મુલાયમસિંહે કહ્યું છે કે અમે પોતે કાળા નાણાંની વિરુદ્ધમાં છે. બાબા રામદેવે સારી ઝુંબેશ હાથ ધરી છે. વ્યાપક આધાર પર રાજકીય ટેકો મેળવવાના મિશન ઉપર રહેલા બાબા રામદેવે કહ્યું છે કે તેઓ દરેક વ્યક્તિ સાથે વાતચીત કરી રહ્યા છે. ૯મી ઓગસ્ટથી કાળા નાણાં સામે નિર્ણાયક આંદોલન શરૂ કરતા પહેલાં તેઓ દરેક વ્યક્તિ સાથે વાતચીત કરશે અને ટેકો મેળવવા પ્રયાસ કરશે.

રામદેવે કહ્યું હતું કે દરેક વ્યક્તિ અમને મળવા માટે ઈચ્છુક છે. જો કે તેમને સ્પષ્ટતા કરી હતી કે કોંગ્રેસમાં હજુ સુધી કોઈની સાથે વાતચીત થઈ નથી. રામદેવ ગઈકાલે હૈદરાબાદમાં ટીડીપીના વડા ચંદ્રબાબુ નાયડુને મળ્યા હતા અને તેમનો ટેકો માગ્યો હતો. રામદેવે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહને મળવા માટે સમય માંગ્યો છે.

## 'વન નેશન વન ટેસ્ટ' હિલચાલ વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં


નવી દિલ્હી,તા.૧૨

'વન નેશન વન ટેસ્ટ'ની હિલચાલ વિદ્યાર્થીઓ અને વાલીઓના સર્વશ્રેષ્ઠ હિતમાં હોવાનો દાવો કરીને માનવ સંશાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલે આઈઆઈટી દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓને દૂર કરવાની આજે તૈયારી બતાવી હતી. કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે આ સંબંધમાં ચોક્કસ આઈઆઈટી દ્વારા જે મુદ્દાઓ ઉઠાવવામા આવ્યા છે તે મુદ્દાઓને ઉકેલવામા આવશે. હાલમાં ભારત અમેરિકા શૈક્ષણિક મંત્રણમાં ભાગ લઈ રહેલા કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે તેઓ તેમની સ્વાયતતા મામલામાં દરમ્યાનગીરી કરવાનો ઈરાદો ધરાવતા નથી. તેઓ હમેંશા આઈઆઈટી અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની સ્વાયતતા માટે કામ કરતા આવ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે આ કોઈ એક પ્રધાનનો નિર્ણય નથી પરંતુ આઈઆઈટી કાઉન્સિલનો સર્વ સંમત નિર્ણય છે જેમાં આઈઆઈટીની ડિરકટરો અને ચરેમેન પણ સામેલ છે. તેમણએ ઉમેર્યુ હતુ કે ત્રિપલ આઈઆઈટી કાઉન્સિલના પ્રતિનિધીઓ પણ સામેલ છે. એનઆઈઆઈટીના કાઉન્સિલના પ્રતિનિધીઓને પણ આવરી લેવમા આવ્યા છે. તમામને સાથે રાખીને સર્વ સંમત નિર્ણય લેવાયો છે. આઈઆઈટી એકટની દષ્ટિ આઈઆઈટી કાઉન્સિલ પણ છે અત્રે ઉલ્લેખનીય છે કે આઈઆઈટી કાનપુરે 'વન નેશન વન ટેસ્ટ'ની દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને તેની પોતાની પ્રવેશ પરીક્ષા લેવાનો નિર્ણય કર્ય હતો.સિબ્બલે કહ્યુ હતુ કે આઈઆઈટીની વ્યવસ્થા સ્વાયતતા પર કોઈ અસર થશે નહી.

## વૈષ્ણોદેવીમાં દર્શન કરનારની સંખ્યા ૪૧ લાખથી ઉપર

જમ્મુ,તા.૧૨

માતા વૈષ્ણો દેવીના મંદિરમાં આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યામાં દિનપ્રતિદિન ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. આ વર્ષે હજુ સુધી આશરે ૪૧ લાખ લોકો વૈષ્ણો દેવીમાં દર્શન કરી ચૂક્યા છે. ગયા વર્ષે આ ગાળામાં દર્શન કરનારાઓની સંખ્યા આશરે ૩૭ લાખ જેટલી હતી. તેની સરખામણીમાં આ વખતે આંકડો ખૂબ વધી ગયો છે. દર્શન કરનારાઓની સંખ્યામાં ચાર લાખનો વધારો થયો છે. માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે શ્રદ્ધાળુઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શ્રદ્ધાળુઓની



સુરક્ષાનો ધ્યાનમાં લઈનો સાવચેતીના તમામ પગલાં પણ લેવામાં આવ્યા છે. વૈષ્ણો દેવીમાં આવતા શ્રદ્ધાળુઓને તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઉનાળાની રજાઓના કારણે પણ શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થયો છે. આ વર્ષે હજુ સુધી વૈષ્ણો દેવીમાં ૪૦૯૯૩૮૪ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચૂક્યા છે. ગયા વર્ષે આ અવધીમાં ૩૬૮૮૪૭૮ શ્રદ્ધાળુઓએ આ ગાળા દરમિયાન દર્શન કર્યા હતા. શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થવા અંગે માહિતી આપતા માતા વૈષ્ણવ દેવી શ્રાઈન બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે શ્રદ્ધાળુઓમાં કોઈપણ પ્રકારની ભાગદોડ અથવા અવ્યવસ્થા ન સર્જાય તો માટે સાવચેતી રાખવામાં આવી છે. ગયા વર્ષે એક કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. આ સંખ્યા પણ એક રેકોર્ડ છે.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

સમાજનાં જ છોકરી છોકરાં, મા-બાપની ઈચ્છા પ્રમાણે, અરે બિમારી સાથે સ્વીકાર, ટૂંકા સમયમાં ઉત્પન્ન થયેલો પ્રેમ મળી ગયેલાં ૧૦૦ ટકાના મન અને છતાંય ગ્રહ અને પત્રિકાના દોષને કારણે એમનાં સુખી ભવિષ્યની ભ્રૂણહત્યા થઈ ગઈ... સકારાત્મક દ્દષ્ટીકોણથી વિચાર્યું હોત, પોતાના કતૃત્વ પર વિશ્વાસ રાખ્યો હોત. એકબીજા પર પ્રેમ અને વિશ્વાસ રાખ્યો હોત તો કયા ગ્રહ અને દોષ આડા આવવાનાં હતા?? કુંડળીના ગ્રહો તો જયોતિષી બદલી ના શકે પણ આપણે આપણી માનસિકતા તો બદલી શકીએને?? વિજ્ઞાન અને ટેકનોલોજીનાં જમાનામાં અંધશ્રધ્ધાની હદ પાર કરતાં આવા પરિવારોને શું કહેવાનું? કાટખાઈ ગયેલી એમની માનસિકતા નહીં બદલે તો છોકરી ઘરમાં બેસાડવાનાં દહાડા નહી આવે?

કુંડળી પર ભરોસો રાખી નિર્ણયો લેવાં એટલે પોતાની જાતને અપંગ ઠેરવવી. જે માણસે કુંડળી એટલે અંધશ્રધ્ધાની શોધ કરી છે, એ વ્યક્તિનેય કુંડળીનું કેટલું જ્ઞાન હશે એને જ ખબર... જન્મ કુંડળીએ એક સાયન્સ પર આધારિત છે પણ એનાં ખરાં અભ્યાસું કેટલાં? એ મોટો યક્ષ પ્રશ્ન છે. કુંડળીનાં આટાપાટ રમી શ્રધ્ધાળુ લોકોને લૂંટવાનું કામ જ મોટા ભાગે થતું રહે છે. અને પેલાં લગે રહો મુન્નાભાઈની જેમ લગ્નનાં સેટીંગ માટે જન્મકુંડળી નો ટાઈમ પણ બદલાઈ જાય છે... આપણાં વૈદિક કાળમાં ચંદ્ર, તારા, નક્ષત્ર પરથી જયોતિષ જોવાની પ્રથા છે અને એમાં મહ્દઅંશે સત્યતા પણ છે. પણ આનાં અભ્યાસુ ધંધો કરતાં નથી અને ધંધો કરનારા અભ્યાસુ નથી!!

જન્મકુંડળી પર વિશ્વાસ રાખવો કે નહીં? એ દરેક વ્યક્તિનો વૈક્તિક વ્યક્તિગત પ્રશ્ન છે. જો તમને વિશ્વાસ છે તો તમે અચૂક એને માનો એ પ્રમાણે વર્તો, પણ અન્ય પણ એમ જ વર્તે એવો આગ્રહ રાખવો નહીં. જો તમે કુંડળીમાં માનતાં જ નથી તો લગ્ન માટે મિલાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. મેં તો એવાં કેટલાંય કોડ ભર્યા યુવક - યુવતી જોયાં છે, જે એકબીજાને પસંદ હોય, સમાજનાં હોય, મા-બાપની સમંતી હોય અને છેલ્લી ઘડીએ ગ્રહો - કુંડળીનાં કુંડાશામાં આડો પગ પડતાં સંબંધમાં ભૂકંપ જેવી મોટી તિરાડો પડી જાય!! આ કુંડળીનાં રવાડે ચઢેલાની પરિસ્થિતી એવી છે કે ઐશ્વર્યા કે પ્રિયંકાનું માંગુ આવ્યું હોય અને જ્યોતિષી જો એને વિવાહ આયોગ્ય ગણે તો એનેય રીજૅક્ટ કરી દે!

પહેલાંના જમાનામાં બ્રાહ્મણો અને જયોતિષોનાં રવાડે ચઢેલો આપણો સમાજ કુંડળી મેળવ્યા વગર પરણતા જ નહીં અને છતાંય કેટલીક યુવતીઓ વિધવા થતી. પ્રસુતિ દરમ્યાન મરી જતી. પતિ દારૂડિયો કે વેશ્યાગીરી કરતો, બાળ મૃત્યુ થતાં, સાસરે અત્યાચારો થતાં, દહેજ માટે સળગાવી દેવાતી... તો પછી પેલી કુંડળી અને એનાં ગ્રહો કેમે એને બચાવતાં નહીં?

ખરેખર તો ગ્રહોની માનવીમાં જીવન પર કોઈ અસર થતી નથી અને થાય તો એ સર્વ સમાન થવી જોઈએ. ચંદ્ર, પૃથ્વીની નજીક હોવાં છતાં એનો નવગ્રહોમાં સમાવેશ નથી. જન્મ સમય કયો છે. એ બાબતેય હંમેશા વિવાદ રહે છે... રાહુ - કેતુ અસ્તિત્વમાં જ નથી તો એની વક્ર દ્દષ્ટીનો ભય શા માટે? આશ્ચર્યની વાત તો એ છે કે ભણેલાં - ગણેલાં અને આધુનિક થયેલાં લોકોને જ આ કુંડળીનો વળગાડ વધુ છે!!!

**ચૂંટલો :**

યુવક- યુવતી એકબીજાને પસંદ પડતાં હોય અને મા-બાપની સંમતી હોય તો કુંડળી અને જન્મપત્રિકાના ગ્રહોની બબાલમાં પડવાની જરૂર નથી. બાકી છોકરો કે છોકરીને ના પાડવા કુંડળી મળતી નથી. ના એક સાધન તરીકે જ કુંડળીનો ઉપયોગ થાય છે.

- hellosanjay108@gmail.com

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

'એવું તો ન બને, ખુશી આપણી દીકરી છે.' અમૃતને નિધિની વાતથી ચિંતા થઈ. નિધિનું મન ભાંગી પડ્યું. તે અંદર ને અંદર હિજરાવા લાગી. વારંવાર તે ખુશી ને જોતી અને ચુમવા લાગી. દુ:ખના અતલ ઉંડાણમાં ડુબેલી નિધિને પંખીઓના કલરવે જગાડી. થાક અને ઉદાસીનતામાં તેનું શરીર કળતું હતું. ભારે હૈયે એ આશ્રમે જવાની તૈયારી કરવા લાગી.

ત્રણે આશ્રમ તરફ જવા નીકળ્યાં. નિધિના ચહેરા પર ગભરાટ અને ડર દેખાતો હતો. તેણે ખુશીનો હાથ જકડીને રાખ્યો હતો.

દશ વાગ્યાની આસપાસ ત્રણે આશ્રમે પહોંચ્યા. તેમને જોતાં જ ઈન્દુબેન શુક્લએ કહ્યું કે 'મારે તમને ખાસ વાત કરવી છે તેથી ખુશી તે બગીચામાં રમવા મોકલી દો' અમૃતે તેમના કરવા મુજબ કર્યું. નિધિએ કમને ખુશીનો હાથ છોડ્યો. નિધિના હાથની પકડ એટલી મજબૂત હતી કે ખુશીના કાંડા પર આંગળીઓના નિશાન પડી ગયાં હતા. તે હાથ મસળતી બગીચામાં ચાલી ગઈ. અમૃત અને નિધિ તેમને બોલાવવાનું પ્રયોજન જાણવા ઉત્સુક હતા.

ઈન્દુબેને ખુશીના અતિત પર પડદો ઊંચક્યો. ખુશીનીમાં વેશ્યા હતી. તે ઈચ્છતી નહોતી કે તેના જીવનનો પડછાયો ખુશીના જીવન પર પડે તેથી તેને આશ્રમમાં મુકી ગઈ હતી.

'તે હવે એ શું કરવા માંગે છે?' અમૃતે ગુસ્સેથી કહ્યું.

ખુશીનામાં અત્યારે હૉસ્પિટલના બિછાને છેલ્લા શ્વાસ ગણી રહી છે. તે ખુશીને જોવા માંગે છે. આમ તો એ અમારા આશ્રમના નિયમોની વિરૂધ્ધ છે. પણ માનવતાને નાતે હું આ કરી રહું છું. ફાંસીની સજા પામેલાની પણ અંતિમ ઈચ્છા પૂછવામાં આવે છે. આ બાબતે તમારું શું કહેવું છે?'

ઈન્દુબેને તે બન્નેના વિચારો જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.

'જે તમને ઠીક લાગે તે' અમૃતે પણ માનવતાનો ધર્મ નિભાવતાં કહ્યું.

નિધિએ હોસ્પિટલે આવવાનો ઈન્કાર કરી દીધો. બપોરે ઘેર આવ્યા પછી પણ તેને અમૃતને આ બાબતે કંઈ જ પૂછ્યું નહીં.

આ ઘટના પછી નિધિ એકદમ બદલાઈ ગઈ. તે ખુશીને પોતાની નજીક આવવા દેતી ન હતી. તે ખુશીથી નફરત કરવા લાગી હતી. તેને પહેલાં એમ હતું કે કોઈ એ ગરીબીને કારણે ખુશીને આશ્રમમાં મુકી દીધી હશે.

ખુશી તો પોતાની હતી અને અપરાધથી અજ્ઞાન હતી. પોતાના જ ઘરમાં પારકાં જેવો વહેવાર તેનાથી સહન થતો ન હતો. પોતાની ઉંમર કરતાં એ વધુ સમજદાર થઈ ગઈ હતી. સ્ત્રી તો જન્મથી જ દુ:ખો અને કુંઠાઓથી ઘેરાયેલી હોય છે. તો પછી ખુશી સુખના હિંડોળે કઈ રીતે હિંચકી શકે.

ગુલાબી આભાથી દમકતો તેનો ચહેરો ફીક્કો પડી ગયો. તેની કોમળ કાયા દુર્બળ થવા લાગી. અમૃત જયાં સુધી ઘરમાં હોય ત્યાં સુધી તેનું પૂરતું ધ્યાન રાખતો. તેની સાથે વાતો કરતો પણ ખુશીને એકલતાં ખાવા ધાતી હતી. તેને માંની મમતા જોઈતી હતી.

ખુશી સ્કૂલેથી પાંચ વાગ્યે ઘેર આવી જતી. પરંતુ આજે સાત વાગી ગયા. છતાં તેનું કોઈ ઠેકાણું નહોતું. નિધિએ ગભરામણ થવા લાગી. અમૃત પૂછશે તો પોતે શું કહેશે? એ ગડમથલમાં તેણે અમૃતને ફોન કર્યો.

રાત્રે દશ વાગ્યે અમૃતે કહ્યું કે ખુશીના ગુમ થવા અંગે મેં પોલીસમાં રીપોર્ટ લખાવ્યો છે. સ્કૂલના વૉચમૅનને પૂછ્યું તો તેણે કહ્યું કે સ્કૂલ છૂટ્યા પછી તે ઘર જવા નીકળ્યો ત્યારે સ્કૂલના ગેટ પાસે પડેલા પથ્થર પર ખુશી બેઠી બેઠી રડતી હતી. મેં તેને ઘેર જવા કહ્યું. વૉચમૅન ઉતાવળમાં હતાં. તેનાં છોકરાને વાગેલું તેથી તેને લઈને દવાખાને જવાનું હતું.

અમૃત આખી રાત પડખાં ફેરવતો રહ્યો. નિધિ નિરાંતે સુતી હતી. ખુશી માટે તેને હવે કોઈ મમતા ન હતી.

સવારે ચાર વાગ્યે ફોનની ઘંટડી વાગી. અમૃતે કંપતે હાથે રીસીવર ઉપાડ્યું. કોણ જાણે શું વાત થઈ પણ અમૃત રઘવાયો થયો નિધિને બાઈક પર લઈ નીકળી પડ્યો.

અમૃતે સરકારી હોસ્પિટલ પાસે જઈ બાઈક રોકી. તેણે નિધિનો હાથ પકડ્યો અને અંદર પહોંચ્યો. પોલીસ ત્યાં પહેલેથી હાજર હતી. અમૃત અને નિધિને બાળકીની ઓળખ માટે શબઘરમાં લઈ જવામાં આવ્યાં. અમૃતનું શરીર ધ્રુજી રહ્યું હતું. ફકત દૂર રતાં તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ 'ખુશી...'

પોલીસે કહ્યું કે ખુશી એક સુનકાર જગ્યામાં ઝાડનાં પાંદડાંઓથી ઢંકાયેલી પડી મળી આવી હતી. ફક્ત તેનો ચહેરો ખુલ્લો હતો. બે - ત્રણ નરાધમોએ તેને જનાવરની જેમ પીંખી નાખી હતી. પાંદડાંઓની નીચે તે નિર્વસ્ત્ર પડેલી હતી. મનુષ્યોને તો ખુશીને નિરાવરણ કરતાં શરમ ન આવી પણ કુદરતથી તેનું આ દુ:ખ દર્દ જોયું ગયું નહીં તેથી તેની કાયાને સુકાં પર્ણોની ઝડીની ઢાંકી દીધી.

એટલામાં ડૉકટરે આવીને કહ્યું કે હૉસ્પિટલે લાવ્યા પછી તે વીસ મીનીટ જીવી હતી. છેલ્લે અંત સમયે 'મા' શબ્દ બોલતાં તેણે દેહ છોડ્યો.

નિધિ નિઃસ્તબ્ધ ખુશીની લાશને જોઈ રહી હતી. એવું લાગતું હતું જાણે કે ખુશીનો નિષ્પ્રાણ દેહ મુકતપણે દુ:ખ અભિવ્યક્ત કરતો હતો, નિધિનો આત્મા કકળી ઊઠ્યો. ખુશીની માં તો આત્મા જો ગૅબી અવાજમાં કહી રહ્યો હતો. 'નિધિ મારી દીકરીની આ સ્થિતિ માટે તું જ જવાબદાર છે. તું આશ્રમમાંથી તેને લાવી ન હોય તો તેની આવી હાલત થઈ ન હતી. મારા કર્મોની સજા મારી દીકરીને શું કામ આપી, હું તો દેવકી નહોતી પણ તું જશોદા બની ન શકી.'

બોલ નિધિ આવું તે શા માટે કર્યું?

- vanvihari@gmail.com